'પ્રવાસ' પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે 'સન્નારી'માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઇન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **'પ્રવાસ'**. તમારી મૌલિક કૃતિ અમને 7-11-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.

Email:sannari@gujaratmitra.

સફાઇ

પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો

મનની સફાઇ

સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા, સ્વચ્છતા સૌને વહાલી
પ્રત્યેક દિપાવલી પહેલાં થતી સ્વગૃહે સાફ-સફાઇ,
સ્વગૃહની સફાઇ સાથે કરવી મનની સફાઇ,
રાગ, દ્વેષ, નફરત, બેઇમાનીનાં જાળાંની સફાઇ
કરીશું મનની સફાઇ તો પ્રભુ કરશે શુભાશિષની સહાય.
- નેહા એમ. શાહ (સુરત)

મનની સફાઇ

ઘરની સફાઇ કરતાં વધુ
જરૂરી છે મનની સફાઇ
છુપાયા છે મનના માળિયામાં
ઈર્ષા, અહંકાર, ક્રોધ, કડવાશ
અટકાવો નેગેટિવ એનર્જીને
સ્વીકાર કરો પોઝિટિવિટીનો
ભૂંસીએ મનના ખોટા વિચારો
જામી ગઇ છે ધૂળ અને ગંદકી
ચાલો ને કરીએ મનની સફાઇ
જ્યાં હોય મનની સફાઇ
ત્યાં છે લક્ષ્મી-સરસ્વતીનો વાસ
'જેએમ' પણ સમજે છે
સહેલી નથી મનની સફાઇ
પ્રગટાવો દીવા મનમાં સફાઇના
- ડો. જે. એમ. નાયક (નવસારી)

સંબંધોમાં સફાઇ

કરીએ સફાઇ ઘરની જેવી,
કરતાં રહીએ મનના વિચારોની.
રાખી મન સાફ, દૂર કરીએ ગેરસમજ.
કરી દૂર ગેરસમજ એકબીજાની,
રાખીએ સફાઇ સંબંધોમાં.
- શ્રીમતી સ્નેહલ રાજન જાની (સુરત)

સફાઇ અભિયાન

ઠલવાય છે દુનિયા-ભરની ગંદકી અહીં
તોયે સમુદ્રને ક્યાં ફરિયાદ છે?
તરંગે - તરંગે ગંદકી કિનારે લાવે છે
અગાધ જળની સફાઇ એ ખુદ કરે છે!
જીવ-સૃષ્ટિ, વનસ્પતિ-સૃષ્ટિને નવજીવન
અર્પવાની સાથે-સાથે વરસાદનું જળ -
નદી-નાળા, ગામ, શહેરને સ્વચ્છ રાખે છે
એ પણ સફાઇ અભિયાન જ છે !
માણસે -માણસે મન પણ ભિન્ન-ભિન્ન હોય છે
ઈર્ષ્યા, દ્વેષ, છળ-કપટ, વેર-ઝેરને ભૂલીને
મનને નિર્દોષ, નિર્મળ, નિષ્કલંક રાખીએ
એ જ સાચું સફાઇ અભિયાન છે !
- ચંદ્રપ્રભા આર. કુંવર (સુરત)

દૃષ્ટિકોણ બદલીએ

દિવાળીની સફાઇનું કામ કરતા કરતા...
ચાલો આપણે આ વરસે સંબંધો પર,
ચઢેલા ધૂળના' સ્તરોની પણ સફાઇ કરીએ તો કેવું?
પૂર્વગ્રહો ત્યાગીને શાલીનતા અપનાવી એને
માફ કરીએ,
તો કદાચ...
આ સાફ અને માફ કરવાના દૃષ્ટિકોણથી
સ્વજન કે પરજનનું જીવન... પ્રકાશિત થઇ શકે!!
- બિનાઇફર એરિક ડુમસીયા (સુરત)

શેની સફાઇ?

સાફ-સફાઇ! શેની?
ઘરની? મનની? કે બંનેની?
ઘર સાફ, સુખ વધે.
મન સાફ, પ્રેમ વધે.
હું તો ઇચ્છું સાચો વિકાસ,
જેમાં કરે પ્રભુ નિવાસ.
બંને સાફ તો જ સાચી દિવાળી,
તો જ જિંદગી બને નિરાળી.
-ડો. રાજલ સુખીયાજી ચલિયાવાળા (ફ્રાન્સ)

ગાંધીજીની સાચી સફાઇ

હાથમાં ઝાડુ ને દિલમાં સત્ય, એવો હતો બાપુનો મંત્ર,
ગંદકી હટાવી દેશમાંથી, બદલવું હતું આખુંય તંત્ર;
ગાંધીજીને વહાલી હતી સફાઇ, એ જ એમની સાચી ભક્તિ હતી,
જેના થકી આઝાદ ભારતની, રચવાની નવી એક શક્તિ હતી.
બાપુ કહેતા પવિત્રતા વિના, સ્વતંત્રતા પણ અધૂરી ગણાશે,
જો આંગણું આપણું મેલું હશે, તો દેશ કઇ રીતે આગળ વધશે?
માત્ર કાગળ પર નહીં, આચરણમાં સફાઇ લાવવાનો આદેશ દીધો,
કચરો વાળી પોતે જ પોતાનો, સ્વચ્છતાનો એવો એ પ્રારંભ કીધો.
જો હશે દેશમાં ચારેતરફ સફાઇ, તો રોગચાળો આપોઆપ ભાગશે,
સ્વચ્છ હવામાં શ્વાસ લઇને, દેશનો યુવાન નવો જાગશે;
તંદુરસ્ત તન અને પવિત્ર મનથી જ, રાષ્ટ્રની પ્રગતિ સાકાર થશે,
ગામડું અને શહેર જ્યારે ચમકશે, ત્યારે જ સાચો વિકાસ થશે.
આવો બાપુના એ જ પગલે ચાલી, દેશભક્તિનું એક ઋણ ચૂકવીએ,
તન, મન અને આપણી આસપાસ, સફાઇ રાખવાનું આ વ્રત લઇએ;
જ્યાં સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા, એ મંત્રને હૈયે વસાવીએ,
ગાંધીજીના સપનાનું એ સુંદર, અને પ્રગતિશીલ ભારત બનાવીએ
- હરીશ પટેલ

સફાઇ

પવને
ધૂળ ખંખેરી સફાઇ કરી
તરુવર મંદિરની.
**
ઝાડુથી
એક સન્નારીએ સફાઇ કરી
આળસુ :
પતિ પરમેશ્વરની!
**
ગ્રંથ નહિ વાંચ્યા
તેથી ઉધઇએ
સફાઇ કરી નાખી
ગ્રંથાલયની!
**
ચોમાસા પછી
સૂર્યકિરણે સફાઇ કરી,
રસ્તા પરના કાદવકીચડની.
- રમેશ પટેલ (સુરત)

સફાઇ

આચરણમાં સફાઇ રાખી છે,
જિંદગી ખુશનુમા રાખી છે
સુખને સદાય વહેંચતો રહ્યો
પ્રભુએ મહેરબાની રાખી છે.
- બિમલ ચૌહાણ (ભરૂચ)

લઘુકાવ્ય

સ્વથી
સફાઇની
શરૂઆત એટલે -
સ્વર્ગ જેવું વાતાવરણ.
***
માનવજીવનને...
....સુરક્ષાનું
આવરણ....
સફાઇ- સ્વચ્છ
....
પર્યાવરણ
***
મન, વિચાર
શરીર,
કપડાંની
સફાઇ-
સ્વસ્થતા સાથે
સુંદરતાની-
બક્ષિસ.
- કિશોર આર. ટંડેલ (નવસારી)



વિશ્લેષણ સફાઇનું

બેઠો કરવા વિશ્લેષણ સફાઇનું સ્થૂળ અને સૂક્ષ્મ અર્થમાં,
કર્યા ચોખ્ખો કમરો, ખૂણે, તળિયે ઝાડીઝૂટકી ખંખેરીને,
પણ આ શું ? તૃષ્ણા, લોભ, ઍંટ કદી ના સાફ થાતાં મનનાં ,
કર્યાં સાફ જાળાં, ખંખેરી ધૂળ અભરાઇની, કર્યાં તળિયા ઝાટકઝૂટક,
પણ આ શું? શરમ વગરનાં માન, અભિમાન, અહંકાર ઊભાં ને ઊભાં,
કર્યાં પોતાં ફિનાઇલનાં, ધોઇ ઉમ્બર, દીવાલ, છત એ ઓળઘોળ,
પણ આ શું? આવે બદબૂ ભયંકર આ લાઇક, ટેગ, ફોલોઅર્સ કેરા દંભની.
- હેમંતકુમાર ટી. નાયક

સફાઇ - એક સહજ સંસ્કાર

સવારે ઊઠીને ઘર તો ચમકાવીએ,
પણ કચરો બહાર શેરીમાં કેમ સરકાવીએ?
રોજ મંદિરમાં જઈને માથું તો નમાવીએ,
પણ રસ્તા પર કચરો ફેંકતાં કેમ ન શરમાઈએ?
ઈશ્વરની રચેલી આ સુંદર ધરતીને,
સ્વચ્છ રાખવાનો વિચાર કેમ ભૂલી જઈએ?
ચાલો ને આપણે એક એવો સમાજ સજાવીએ,
કચરો ફેંકતાં પહેલાં ફક્ત એક વાર વિચારીએ...
અને સ્વચ્છતાને માત્ર અભિયાન નહીં,
પણ જીવનનો સહજ સંસ્કાર બનાવીએ...
- નિરાલી ઠોરિયા (મોરબી)